# ક્રિકેટ ટુર્નામેન્ટ કાર્યક્રમ

તા.6/1/2024 ના રોજ ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના એક્ષટેન્શન એક્ટીવીટી સેલ દ્વારા માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીના સાનિધ્ય હેઠળ યુનિવર્સિટી પરિસરમાં તમામ વિભાગના કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ માટે વિવિધ રમત ગમતનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સિટીના તમામ કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. જેમાં ખાસ આકર્ષણનું કેન્દ્ર યુનિવર્સિટીની મહિલા ક્રિકેટ ટીમ બની હતી. જેમાં યુનિવર્સિટીના મહિલા કર્મચારીઓ પણ ક્રિકેટ રમીને પોતાની ખેલ પ્રતિભા પ્રતિબદ્ધતા સાથે દર્શાવી હતી. વિજેતા ટીમને ટ્રોફીથી સન્માનિત કરવામાં આવી હતી. તેમજ મહિલા ક્રિકેટમાં મેચમાં પ્લેયર ઓફ ધ મેચ ડૉ. હિના રાવલ અને બેસ્ટ બોલરનો ખિતાબ કોમલ બેન પટેલને મળ્યો હતો. પુરુષ ક્રિકેટ મેચ સિરીઝમાં કર્મચારી ટીમ સામે વિદ્યાર્થી ટીમ વિજેતા બની હતી. જેમાં મેચ મેન ઑફ ધ સિરીઝ હરેશ સુત્રેજા ઘોષિત કરવામાં આવ્યા હતા. અને મેન ઑફ ધ મેચ હરેશ સુત્રેજા, પંકજ ઠાકોર, ધવલ સોલંકીને જાહેર કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો. ડૉ. અમી ઉપાધ્યાયની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. આ ઊપરાંત યુનિવર્સિટીના કુલસચિવ, તમામ વિદ્યાશાખાના નિયામકશ્રીઓ અને તમામ કર્મચારીઓ હાજર રહ્યા હતા.જેમાં સૌએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો અને સાથે રહીને ખૂબ આનંદ માણ્યો હતું.





























